Computer Cell
135790/21

ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગરના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમો બાબત.

ગુજરાત સરકાર,
ઉધોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃજીએમકે /૧૦૨૦૨૦/૮૧૩/ખ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૦૩/૨૦૨૧.

**વંચાણે લીધા:**

(૧) ઉધોગ અને ખાણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૫/૦૧/૨૦૨૧નો ઠરાવ.

(૨) કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોધોગનો તા.૧૯/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક:સંકલન/જ-૧/તા.યોજના/૫૭/૨૦૨૧ અને તા.૦૫/૦૩/૨૦૨૧નો પત્ર ક્રમાંક:સંકલન/જ-૧/૭૯/૨૦૨૧.

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવથી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગરના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમોની કાર્યપદ્ધતિ અને ધારા-ધોરણો નક્કી કરવામાં આવે છે. જેમાં કેટલાક સુધારાઓ કરવા/કેટલીક વિગતો ઉમેરવા વંચાણે લીધેલ ક્રમાંક (૨) માં દર્શાવેલ પત્રોથી કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોધોગની કચેરીએ અત્રે દરખાસ્ત રજૂ કરેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોધોગની કચેરીની સદરહું દરખાસ્ત પરત્વે વિચારણાના અંતે અત્રેના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ના ઠરાવમાં નીચે દર્શાવેલ મુદ્દા ક્રમાંક (૧) થી (૪) માં દર્શાવ્યા મુજબના સુધારાઓ કરવામાં આવે છે.

(૧) અત્રેના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ના ઠરાવમાં દર્શાવેલ કોષ્ટકના ક્રમાંક (૬) અને (૭) માં નીચેની વિગત ઉમેરવામાં /સુધારવામાં આવે છે.

| ક્રમ | વિગત | નિયત ધોરણ |
|---|---|---|
| ૬ | (૧) આસીસ્ટન્ટ ઇન્સ્ટ્રકટરને મહેનતાણું<br>(૨) ગેસ્ટ લેકચરને માનદ વેતન | (૧) પ્રતિ માસ રૂ.૯૦૦૦/-<br>(૨) મહત્તમ રૂ.૨૦૦૦/- પ્રતિ દિવસની મર્યાદામાં (માસિક બે વખત) |
| ૭ | કાચો માલ | આમુખમાં દર્શાવેલ કોષ્ટકના ક્રમાંક (૬) પરના ટ્રેડ સિવાયના ટ્રેડમાં તાલીમના ટ્રેડ મુજબ પ્રતિ તાલીમ વર્ગ કુલ રૂ.૫૦૦૦/- થી રૂ.૧૦૦૦૦/- સુધી , જ્યારે ક્રમાંક (૬) પરના ટ્રેડ માટે પ્રતિ તાલીમ વર્ગ મહત્તમ રૂ.૨૫૦૦૦/- સુધી. |

(૨) અત્રેના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ના ઠરાવમાં દર્શાવેલ શરતોમાં શરત ક્રમાંક (૨) માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

"તાલીમ કાર્યક્રમના આયોજન માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (પંચાયત/પાલિકાઓ) , રાજ્ય/કેન્દ્ર સરાકારશ્રીની કચેરીઓ, બોર્ડ/નિગમો/સંસ્થાઓ તથા ઉધોગ ગૃહોના કોર્પોરેટ સોશયલ રીસ્પોન્સબીલીટી અંતર્ગત નોંધાયેલ (CSR) તરફથી મળેલ તાલીમાર્થીઓની યાદી સાથેની દરખાસ્તની ચકાસણી કરી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા તાલીમ કાર્યક્રમનું આયોજન કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરીની મંજૂરી મેળવીને કરવાનું રહેશે તથા આ અંગેની જાણ વહીવટી વિભાગને કરવાની રહેશે."

(૩) અત્રેના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ના ઠરાવમાં દર્શાવેલ શરતોમાં શરત ક્રમાંક (૬) માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

"બજારની સ્થિતી, સ્થાનિક કૌશલ્ય તથા સ્વરોજગારના સર્જનની ક્ષમતાને ધ્યાને લઇ સંસ્થાના તાલીમ કાર્યક્રમોનો સમયાંતરે મૂલ્યાંકન કરી કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરીની મંજૂરી મેળવી નવીન ટ્રેડ ઉમેરી કે જુના ટ્રેડ રદ કરી સ્વરોજગારીની શકયતાવાળા ટ્રેડ નક્કી કરી શકાશે "

(૪) અત્રેના સરખા ક્રમાંકના તા.૧૫/૦૧/૨૦૨૧ના ઠરાવમાં શરત ક્રમાંક (૯) અને (૧૦) થી નીચે મુજબની શરતો ઉમેરવામાં આવે છે.

શરત ક્રમાંક ૯ - લાભાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુકત કૌશલ્ય તાલીમ નામાંકિત સંસ્થાઓ મારફત મળી રહે તે હેતુથી NIFT, NID, Coir Board, KVIC, CGCRI, CLRI, FDDI, CEPT, CED, EDI, Universities, IITs & ITIs, GERMI વિગેરે જેવી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સંસ્થાઓ/સાહસો તથા National skill Development Corporation (NSDC) હેઠળના ટ્રેનીંગ પાર્ટનર્સ તથા L&T Construction Training Institutes , Pidilite Community Initiatives, Tata Chemicals Society for Rural Development જેવા કોર્પોરેટ હાઉસના ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટ તેમજ કૌશલ્ય તાલીમ ક્ષેત્રની અન્ય નામાંકિત સંસ્થાઓ પાસેથી સંસ્થાના નિયત ટ્રેડની તાલીમ અંગેની દરખાસ્ત મેળવી તેઓના તાલીમ મોડ્યુલ/સ્ટ્રકચર મુજબ તાલીમ વર્ગનું આયોજન કરી શકાશે.

**શરત ક્રમાંક ૧૦** – સંસ્થા દ્વારા આયોજીત તાલીમ કાર્યક્રમ પુર્ણ થયા બાદ તાલીમ વર્ગ દરમ્યાન ઉત્પાદિત થયેલ નમૂનાઓ (આર્ટીકલ્સ) ને સ્થાનિક કક્ષાએ બહોળો પ્રચાર અને પ્રસાર થઇ શકે તે માટે નિદર્શનીય હેતુથી તાલીમ કાર્યક્રમની આયોજક સંસ્થાને વિનામૂલ્યે આપવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (કુ.ઉ) ની તા.૦૫/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એ.પરમાર)
ઉપ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (કુટિર અને ગ્રામોદ્યોગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (કુટિર અને ગ્રામોદ્યોગ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી (કુ.ઉ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- નિયામકશ્રી , ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા સારૂ)
- સિલેકટ ફાઇલ .